(G.C.P.G-724-Pan IX dated 11-5-72 pages 342-350)

GUJARAT ACT NO.5 OF 1972,

THE GUJARAT TRIBAL DEVELOPMENT CORPORATION ACT,1972.

ગુજરાત વિધાન મંડળના નીચેના અધિનિયમ રાજ્યપાલે સન ૧૯૭૨ ના એપ્રિલ મહિનાની ૨૪મી તારીખે અનુમતિ આપી હોવાથી તે આથી સર્વે લોકો ની જાણ સારૂ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

એન. સી. બુચ,

ગુજરાત સરકાર કાયદા વિભાગના નાયબ સચિવ

GUJARAT ACT NO.5 OF 1972.

AN ACT

To Pride for the establishment of a Tribal Development corporation

in the State of Gujarat

સન ૧૯૭૨ નો ગુજરાત અધિનિયમ નંબર ૫

રાજ્યપાલની અનુમતિ મળ્યા પછી સને ૧૯૭૨ ના અપ્રિલ મહિનાની ૨૯મી તારીખે "ગુજરાત રાજ્ય પત્ર માં" (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિધ્ધ કરેલો.

ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન અધિનિયમ,૧૯૭૨

ગુજરાત રાજ્યમાં આદિજાતિ વિકાસ કોર્પોરેશન સ્થાપવા માટે જોગવાઈ કરવા બાબત અધિનિયમ આથી ભારતના ગણરાજ્યમાં ત્રેવીસમાં વર્ષે માં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

પ્રકરણ-૧

પ્રારંભિક.

૧.

(૧) આ અધિનિયમ ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન અધિનિયમ ૧૯૭૨ કહેવાશે.

(૨) તે સમગ્ર ગુજરાત રાજ્યમાં લાગુ પડે છે.

(૩) રાજ્ય સરકાર, રાજ્યપત્ર માં જાહેરનામું પ્રસિધ્ધ કરીને નક્કી કરે તે તારીખે,તે અમલ માં આવશે.

૨. અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો-

(ક) “ખેતી” માં ડેરી ઉધોગમાં, મરઘં-બતકાં ઉછેરનો પશુ સંવર્ધનનો, મત્સ્ય ઉછેરનો કોશેટા ઉછેરનો અને વન સંવર્ધનનો,સમાવેશ થાય છે, અને “ખેતી વિષયક “ એ શબ્દ નો અર્થ તદ્અનુસાર થશે ;

(ખ) “બોર્ડ “ એટલે કોર્પોરેશનના ડિરેકટરોનું બોર્ડ.

(ગ) “અધ્યક્ષ “ એટલે બોર્ડના અધ્યક્ષ.

(ઘ) “કોર્પોરેશન “ એટલે કલમ -૩ હેઠળ સ્થાપવામાં આવેલું ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન.

(ચ) “ડિરેકટર “ એટલે બોર્ડના કોઈ સભ્ય અને તેમાં અધ્યક્ષ નો સમાવેશ થાય છે.

(છ) “કાર્યપાલક ડિરેકટર” એટલે કલમ ૧૩ હેઠળ નીમવામાં આવેલા કાર્યપાલક ડિરેક્ટર :

(જ) ”માર્કેટિંગ“ એટલે ખેતીવિષયક અથવા ઔધોગિક ઉત્પન્નનાં હેરફેર, વર્ગીકરણ એકત્રી કરણ , માર્કેટિંગ અને વેચાણ સબંધી તમામ પ્રવૃતિઓ, પછી તે ઉત્પન્ન, મુળ રૂપમાં અથવા અર્ધ પ્રક્રિયા કરેલા રૂપમાં અથવા પ્રક્રિયા કરેલા રૂપમાં હોય કે ન હોય.

(ઝ) ”ઠરાવેલુ“ એટલે આ અધિનિયમ હેઠળ કરેલા નિયમોથી ઠરવેલું.

(ટ) “પ્રક્રિયા” એટલે ખરીદ-વેચાણ કરી શકાય અથવા વપરાશ માટે યોગ્ય બનાવી શકાય તે માટે ખેતી વિષયક ઉત્પન્નની પ્રક્રિયા સબંધી તમામ પ્રવૃતિઓ અને તેમા કાચા માલ ની ખરીદી અને સ્ટોરેજનો સાધન સામગ્રીની ખરીદીનો અને પ્રક્રિયા માટે જોઈતી મશીનરી ખરિદવા, સ્થાપવા અને ચલાવવાનો અને તૈયાર કરેલા ઉત્પન્નના સ્ટોરેજનો સમાવેશ થાય છે.

(ઠ) “વિનિયમ“ એટલે કલમ ૨૫ હેઠળ કરેલો વિનિયમ,

(ડ) “અનુસુચિત આદિજાતિ એટલે ભારતના સંવિધાનની કલમ ૩૪૨ હેઠળ ગુજરાત રાજ્ય સબંધમાં અનુસૂચિત આદિજાતિઓ તરીકે ગણાતી હોય તેવી આદિજાતિઓ અથવા આદિજાતિ કોમ અથવા આવી આદિજાતિઓની અથવા આદિજાતિ કોમની અંદરના ભાગો અથવા જુથો.

(ઢ) ”મંડળી” એટલે મંડળી રજિસ્ટ્રેશન અધિનિયમ ૧૮૬૦ હેઠળ રજિસ્ટર થયેલી કોઈ મંડળી અથવા ગુજરાત સરકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ હેઠળ રજિસ્ટર થયેલી કોઈ સહકારી મંડળી.

(ત) "અનુસૂચિત આદિજાતિ મંડળ" એટલે ભારત ભાગીદારી અધિનિયમ, ૧૯૩૨ હેઠળ રજીસ્ટર થયેલી પેઢી અથવા કોઇ મંડળી, યથાપ્રસંગ. જેના તમામ અથવા મોટા ભાગના ભાગીદારો અથવા સભ્યો અનુસૂચિત આદિજાતિના હોય.

સ્પષ્ટીકરણ- કોઈ મંડળીમાં(જેનો આમા હવે પછી "મુખ્ય મંડળી" તરીકે ઉલ્લેખ કર્યો છે. તેમાં) તેના સભ્ય તરીકે બીજી મંડળી(જેનો આમા હવે પછી "સભ્ય મંડળી" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) અથવા એસોસિયેશન કે જેના તમામ અથવા મોટા ભાગના સભ્યો અનુસૂચિત આદિજાતિના હોય તો આવી સભ્ય મંડળી અથવા એસોસિયેશન અનુસૂચિત આદિજાતિની મુખ્ય મંડળીના સભ્ય છે. એમ ગણાશે.

(થ) "વધુ ઉધોગ" એટલે ખેતી વિષયક મશીનરી અને સાધન સામગ્રી બનાવવા, તેનુ સમારકામ કરવા અને જળવવા અંગેના ઉધોગ સહિતના કુટિર અને લગુ ઉધોગો, જેમાં મુડીનું રોકણ પાંચ લાખ રૂપિયા કરતા વધુ ન હોય, અને

(દ) "પુરવઠો અને સ્ટોરેજ" એટલે ખેતીવિષયક સામગ્રીનો પુરવઠો અને સ્ટોરેજ અને સ્ટોરેજ કોલ્ડસ્ટોરેજ અને વખારોના સ્થાપના , નિભાવ અને સંચાલન.

પ્રકરણ-૨

ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશનની સ્થાપના અને તેની મૂડી

3.

(૧) રાજ્ય સરકાર, રાજ્યપત્રમાં જાહેરનામુ પ્રસિધ્ધ કરીને. આ અર્થે નિર્દિષ્ટ કરે તે તારીખથી રાજ્ય સરકાર આ અધિનિયમનાં હેતુ માટે ગુજરાત અધિનિયમ આદિજાતિ વિકાસ કોર્પોરેશન નામના એક કોર્પોરેશનની સ્થાપના કરી શકશે .

(૨) કોર્પોરેશન સંસ્થાપિત મંડમ રહેશે તેને શાશ્વત ઉત્તરાધિકાર અને સામન્ય સિક્કો રહેશે અને આ અધિનિયમની જોગવાયને આધિન રહીને જંગમ અથવા સ્થાવર મિલકત સંપાદન કરવાની,ધરાવવાની અને તેનો નિકાલ કરવાની અને કરાર કરવાની અને આ અધિનિયમાના હેતુઓ માટે જરૂરી તમામ કાર્યો કરવાની તેને સત્તા રહેશે અને ઉપર્યુક્ત નામથી તે દાવો માંડી શકશે અથવા તેના તેના ઉપર દાવો માંડી શકશે.

૪. કોર્પોરેશનની મુખ્ય ઓફિસ અમદાવાદમાં અથવા રાજય સરકાર,રાજયપત્રમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને નિર્દિષ્ટ કરે તેવા બીજા સ્થળે રહેશે.

૫.

(૧) પોતાના કાર્યો બજાવવાના હેતુ માટે અથવા તે સાથે સંકળાયેલા હેતુઓ માટે કોર્પોરેશનને જોયતી મુળી તરીકે રાજય સરકારને યોગ્ય લાગે તેટલી પાંચ કરોડ રૂપિયાથી વધુ ન હોય તેવી રકમની જોગવાઈ રાજય સરકાર કોર્પોરેશન માટે કરી શકશે.પરંતુ આરંભમાં જોગવાઈ કરેલી મુળી પાંચ કરોડ રૂપીયા કરતા ઓછી હોય તો રાજય સરકાર એ મુળી પોતાને યોગ્ય લાગે તે પ્રમાણે પાંચ કરોડ રૂપિયાથી વધુ નહી તેટલી રકમ સુધી વખતો વખત વધારી શકશે.

(૨) રાજય સરકાર નક્કી કરે તેવી શરતોને આધીન રહીને આવી મુડીની જોગવાઈ કરી શકશે.

પ્રકરણ – ૩
કોર્પોરેશનનો વહીવટ.

૬.

(૧) કોર્પોરેશનના કામકાજ અને કાર્યની સામન્ય દેખરેખ ,સંચાલન, અને વહીવટ ડિરેકટરોના બોર્ડમાં નિહિત થશે, અને તે બોર્ડ આ અધિનિયમ હેઠળ કોર્પોરેશ વાપરવાની સત્તા વાપરી શકશે અને તેણે કરવાનાં તમામ કાર્યો અને કામ કરી શકશે.

(૨) પોતાના કાર્યો બજાવતી વેળા, બોર્ડ જાહેર હિત, અનુસુચિત આદિજાતિનું કલ્યાણ અને કોર્પોરેશનની સધ્ધરતા ધ્યાનમાં લઈને કામ કરવું જોઈશે. અને નિતિવિષયક પ્રશ્રો અંગે રાજય સરકાર વખતો વખત તેને આપે તે સુચનાઓનું તેણે પાલન કરવું જોઈશે.

(૩) કોઈ પ્રશ્ર નિતિવિષયક પ્રશ્ર છે કે નહિ તે બાબત કોઈ શંકા ઉપસ્થિત થાય તો તે અંગે રાજય સરકારનો નિર્ણય આખરી ગણાશે.

૭.

(૧) બોર્ડ નવ ડિરેકટરોનું બંશે જેઓને રાજય સરકાર નિયુક્ત કરશે.

પરંતુ ઓછામાં ઓછા ત્રણ ડિરેકટરો અધિકારીઓ હોવા જોઈએ અને બાકીના ડિરેકટરો બિન અધિકારી વ્યક્તિઓ હોવી જોઈશે, જેમને રાજય સરકારના અભિપ્રાય મુજબ કુષિ, કુષિ ઉધોગ જળ વિકાસ યોજના નાણાકીય અથવા સહકાર સબંધી બાબતોનું ખાસ જ્ઞાન અથવા પ્રત્યક્ષ અનુભવ ધરાવતી વ્યક્તિઓમાંથી નિયુકત કરવામાં આવશે.વધુમાં, ઓછામાં ઓછા ત્રણ ડિરેકટરો અનુસુચિત આદિજાતિના હોવા જોઈશે.

(૨) રાજય સરકાર, ડિરેકટરોમાંથી કોઈપણ એક ડિરેકટરને અધ્યક્ષ તરીકે નીમશે.

(૩) ડિરેક્ટરના હોદ્દાની જગા, તેના મરણને અથવા રાજીનામાને કારણે અથવા બીજી રીતે ખાલી પડે , તો તે જગા પેટા કલમ(૧) માં જોગવાઈ કરેલી રીતે રાજ્ય સરકારે ભરવી જોઇશે અને આવી જગા ભરવા માટે નિયુક્ત થયેલા ડિરેક્ટર તેમના પુરોગામીની બાકી રહેલી મુદત માટે હોદ્દો ધરાવશે.

(૪) ડિરેક્ટરોની નોકરીની શરતો અને તેઓને આપવના ફ્રી અને ભથ્થા, આ અધિનિયમની જોગાવાઈઓને અધીન રહીને ઠરાવવામાં આવે તેવા રહેશે.

૮.

(૧) દરેક ડિરેકટર રાજ્ય સરકાર ની મરજી હોય ત્યાં સુધી હોદ્દો ધરાવશે.

(૨) પેટા-કલમ (૧) ની જોગવાઈઓને આધીન રહીને, કાર્યપાલક ડિરેક્ટર સિવાયના ડિરેક્ટર ત્રણ વર્ષની મુદત સુધી હોદ્દો ધરવશે .

પરંતુ છૂટા થતા ડિરેક્ટર પોતાના હોદ્દની મુદત પુરી થાય તે છતા , પોતાના અનુગામીની નિયુક્તિ ન થાય ત્યાં સુધી, હોદ્દો ઉપર ચાલુ રહેશે:

વધુમાં છુટા થતા ડિરેક્ટર ફરી નિયુકત થવા લાયક ગણાશે.

૯. કોઇ વ્યક્તિ નીચેના સંજોગોમાં ડિરેકટર તરીકે નિયુક્ત થવા માટે અને તેવા ડિરેકટર તરીકે રહેવા માટે ગેરલાયક ગણાશે:-

(ક) તે નાદાર ઠરે અથવા કોઈપણ સમયે નાદાર ઠરી હોય અથવા તેણે તેના દેવાની ચુકવણી મોકુક રાખી હોય અથવા તેના લેણદારો સાથે પતાવટ કરી હોય , તો , અથવા

(ખ) તે અસ્થિર મગજની હોય અને સત્તા ધરવતી કોર્ટ તેવી તરીકે જાહેર કરી હોય , તો , અથવા

(ગ) રાજ્ય સરકારના અભિપ્રાય પ્રમાણે નૈતિક અધ:પતનવાળા ગુના માટે તે દોષિત ઠરે અથવા દોષિત ઠરી હોય તો,અથવા

(ઘ) કોઇ રાજ્ય સરકારની અથવા કેન્દ્ર સરકારની અથવા કોઈ રાજ્ય સરકારની અથવા કેન્દ્ર સરકારની માલિકીના અથવા તેના નિયંત્રણ નીચેના કોર્પોરેશનની નોકરીમાંથી તેને દૂર કરવામાં અથવા બરતરફ કરવામાં આવે અથવા દૂર કરવામાં અથવા બરતરફ કરવામાં આવે અથવા દૂર કરવામાં અથવા બરતરફ કરવામાં આવી હોય, તો

૧૦. બૉર્ડ બેઠકમાં વિચારણા માટે આવતી કોઈપણ બાબતમાં જે કોઈ ડિરેકટર કોઇ પણ પ્રત્યક્ષ કે પરોક્ષ આર્થિક હિત ધરાવતો હોય તેડિ રેકટરે પ્રસ્તુત સંજોગો પોતની જાણમાં આવ્યા પછી,

બનતી ત્વરાએ, એવી બેઠકમાં પોતાના હિતનો પ્રકાર જણાવવો જોઇશે અને તેણે જણાવેલી વિગત બોર્ડની કાર્ય નોધમાં નોંધવી જોઇશે અને બોર્ડની તે બાબત અંગેની કોઇપણ વિચારણા અથવા નિર્ણયમાં તે ડિરેક્ટરથી કશો ભાગ લઈ શકાશે નહિ.

૧૧.

(૧) બોર્ડના અભિપ્રાય પ્રમાણે કોઈ ડિરેકટર-

(ક) કલમ-૯ માં જણાવેલી કોઈ પણ ગેરલાયકાત વાળો હોય અથવા થયો હોય, તો,

(ખ) બૉર્ડના અભિપ્રાય મુજબ તેની ગેરહાજરી ક્ષમ્ય ગણાય તે માટેના પૂરતા કારણ વગર બૉર્ડની લાગલાગટ ત્રણ કરતા વધુ બેઠકોમાં બૉર્ડની રજા વિના ગેરહાજર હોય, તો,

(ગ) કલમ-૧૦ ની જોગવાઈઓનુ ઉલ્લઘન થાય તે રીતે વર્ત્યા હોય તો, અથવા

(ઘ) પોતાની ફરજો બજાવવમાં ગેરવર્તણૂક માટે દોષિત થયો હોય, તો,

રાજ્ય સરકાર, કલમ-૮, માં ગમે તે મજકૂર હોય તે છતાં, બૉર્ડ સાથે વિચાર વિનિમય કરીને , કોઇ પણ સમયે તે ડિરેકટરને હોદ્દો ઉપરથી દૂર કરી શકશે.

પરંતુ સૂચિત હુકમ સામે કારણ દર્શાવવાની ડિરેકટરને વાજબી તક આપ્યા વિના તેને દુર કરવાનો હુકમ કરી શકશે નહિ.

(૨) ડિરેક્ટર , રાજ્ય સરકારને લેખિત નોટિસ આપીને પોતાના હોદ્દાનુ રાજીનામું આપી શકાશે અને આવુ રાજીનામું સ્વીકારવામાં આવ્યે, તેણે પોતાનો હોદ્દો ખાલી કર્યો છે. એમ ગણાશે.

૧૨.

(૧) વિનિયમોથી ઠરવવમાં આવે તે સમયે અને તે સ્થળોએ બૉર્ડ મળશે અને તેની બેઠકમાં (એવી બેઠકો માં કોરમ સહિત) કાર્ય સંચાલન અંગે સદરહું વિનિયમોથી ઠરાવવમાં આવે તેવા કાર્યરીતિના નિયમોનુ તે પાલન કરશે .

(૨) અધ્યક્ષ અથવા કોઇ બેઠકમાં અધ્યક્ષ હાજર રહી શકે તેમ ન હોય, તો તે બેઠકમાં હાજર રહેલા ડિરેક્ટરોએ ચુંટેલા બીજા કોઇ ડિરેકટર બૉર્ડની બેઠક્નું અધ્યક્ષ સ્થાન લેશે.

(3) બૉર્ડની કોઇ બેઠક સમક્ષ આવતા તમામ પ્રશ્નોનો નિર્ણય હાજર રહીને મત આપતા ડિરેકટરોની બહુમતિથી કરવામાં આવશે અને મતો સરખા પડે, તો અધ્યક્ષ અથવા તેમની ગેરહજરીમાં અધ્યક્ષસ્થાન લેનાર વ્યક્તિને બીજો અથવા નિર્ણાયક મત રહેશે , જે તેઓ વાપરશે.

૧૩.

(૧) રાજ્ય સરકાર, અધિકારી- ડિરેક્ટરોમાંથી કોઈપણ એક ડિરેક્ટરને કાર્યપાલક ડિરેક્ટર તરીકે નીમાશે.

(૨) કાર્યપાલક ડિરેકટર, જે કોર્પોરેશનના પૂરા સમયના અધિકારી રહેશે તે-

(ક) કોર્પોરેશનના મુખ્ય કાર્યપાલક અધિકારી થશે.

(ખ) કોર્પોરેશનનું કામકાજ ચલાવવા માટે અને બોર્ડ મંજુર કરેલી સામાન્ય નીતિના અમલ માટે જવાબદાર રહેશે.

(ગ) બોર્ડ વિનિયમોથી અથવા બીજી રીતે તેને સોપે તેવી ફરજો બજવશે

(ઘ) બોર્ડ નક્કી કરે અને રાજ્ય સરકાર મંજૂર કરે તે પગાર અને ભથ્થા તેને મળશે અને તે શરતો તેને લાગુ પડશે.

(૩) કાર્યપાલક ડિરેકટર અશક્તતાને કારણે અથવા બીજી રીતે તેની ફરજો બજાવી શકે તેમ ન હોય અથવા રજા લઈને અથવા તેનો હોદ્દો ખાલી થતો ન હોય તેવા સંજોગોમાં બીજી રીતે ગેરહાજર રહ્યો હોય , તો રાજ્ય સરકાર, તેની ગેરહાજર દરમિયાન તેની જગાએ કામ કરવા બીજી વ્યક્તિને નીમી શક્શે .

૧૪.

(૧) બોર્ડમાં કોઇ જગા ખાલી પડવાને અથવા તેની રચનામાં કોઈ ખામી હોવાને કારણે જ બોર્ડના કોઇ કાર્ય અથવા કાર્યવાહી સામે વાંધો ઉઠાવી શકાશે નહિ અથવા તે ગેરકાયદેસર થશે નહિ.

(૨) ડિરેકટર તરીકે શુધ્ધબુધ્ધિથી કાર્ય કરનાર કોઈ વ્યક્તિએ કરેલુ કોઇ કાર્ય , માત્ર એટલા જ કારણે ગેરકાયદેસર ગણાશે નહી કે તે ડિરેકટર તરીકે ગેરલાયક થયો હતો અથવા તેની નિયુક્તિમાં બીજી કોઇ ખામી હતી .

૧૫.

(૧) બોર્ડ, કોર્પોરેશન કાર્યો કાર્યક્ષમ રીતે બજાવવા પોતાને જરૂરી લાગે તે અધિકારીઓ અને અન્ય નોકરોને નીમી શકશે અને તેમની નિમંણૂક અને નોકરીની શરતો અને તેમના આપવાના મહેનતાણા વિનિયમોથી તે નક્કી કરી શકશે.

(૨) બોર્ડ સામાન્ય અથવા ખાસ હુકમ બહાર પાડીને કાર્યપાલક ડિરેકટર અથવા કોર્પોરેશનના બીજા કોઇ અધિકારી અથવા નોકરોને વિનિયમો ઘડવાની સત્તા અને ફરજો નિર્દેષ્ટ કરવામાં આવે તે શરતો અને મર્યાદાને અધીન રહીને સોપી શકશે.

પ્રકરણ-૪

કોર્પોરેશનનાં કાર્યો

૧૬.

(૧) આ અધિનિયમની જોગવાઇઓને અધીન રહીને , ગુજરાત રાજ્યમાં અનુસૂચિત આદિજાતિઓના સભ્યોની સામાજિક અને આર્થિક ઉન્નતિનું કાર્યે હાથ ધરવાની કોર્પોરેશનની પ્રાથમિક ફરજ રહેશે અને કોર્પોરેશનને આવી ફરજો બજાવવા માટે જરૂરી હોય તેવા તમામ કાર્યો કરવાનો અને તેવી તમામ સત્તા વાપરવાનો અધિકાર રહેશે.

(૨) પુર્વેવતી જોગવાઈની વ્યાપક્તાને બાધ આવ્યા વિના, કોર્પોરેશન પોતાને યોગ્ય લાગે તેવા પગલા લઈ શક્શે –

(૧) પોતાની મેળે અથવા બૉર્ડ મંજુર, કરે તેવા અનુસૂચિત આદિજાતિના મંડળો અથવા તેવી બીજી એજન્સીઓના સહયોગથી અથવા તેમની મારફત કૃષિ વિકાસ કાર્યક્રમો, માકેટિંગ પ્રકિયા , ખેતીનાં ઉત્પન્નનાં પૂરવઠો અને સ્ટોરેજ ,લઘુ-ઉદ્યોગ, મકાનોના બાંધકામ, હેરફેર અને રાજ્ય સરકાર આ અર્થે મંજુર કરે તેવી બીજી પ્રવૃત્તિઓનું આયોજન કરવાની અને તે શરૂ કરવાની.

(૨) પોતાની મેળે અથવા બોર્ડ મંજુર કરે તેવા અનુસૂચિત આદિજાતીઓના મંડળો અથવા તેવી બીજી એજન્સીઓના સહયોગથી અથવા તેમની મારફત, કોર્પોરેશનના ઉદ્દેશોને આગળ ધપાવવા માટે ખંડ (૧) માં નિર્દિષ્ટ કરેલી કોઇપણ બાબત સંબંધમાં, ધંધા અથવા વેપાર સિવાયની, કોઇપણ પ્રવૃત્તિ હાથ ધરવાની,

(૩) અનુસુચિત આદિજાતિઓના સભ્યોને અથવા અનુસુચિત આદિજાતિઓના મંડળોની ખેતી વિષયક અથવા ઔદ્યોગિક મશીનરી અથવા સાધન સામગ્રી ભાડે આપવાની.

(૪) અનુસુચિત આદિજાતિઓના સભ્યોને અથવા અનુસુચિત આદિજાતિઓના મંડળોને ગ્રાંન્ટ અને સહાય આપવાની અને તેઓએ લીધેલી લોનોના બાંહેધરી આપવાની.

(૫) રાજ્ય સરકાર નિર્દિષ્ટ કરે તેવી શરતોને અધીન રહીને , નાણાં ઉછીના લેવાની,

(૬) બૉન્ડ અને ડિબેંચરો કાઢવાની,

(૭) પ્રોમિસરી નોટો, વિનિમયપત્રો , હુંડીઓ, બિલો, વોરન્ટો, ડિબેન્ચરો અને બીજા વટાઉ ખતો લખવાની, કરવાની, સ્વીકારવાની, તેના ઉપર શેરો કરવાની, તે વટાવવાની, કરી આપવાની અને બહાર પાડવાની,

(૮) કોર્પોરેશનના વધારાના નાણાં સરકારી જામીનગીરીઓમાં અથવા રાજ્ય સરકાર સામાન્ય અથવા ખાસ હુકમથી ફરમાવે તેવી બીજી રીતે રોકવાની અને અનામત મુકવાની,

(૯) કરારો કરવાની અને,

(૧૦) ઠરાવવામાં આવે તેવા અથવા આ અધિનિયમથી અથવા તે હેઠળ તેને સોંપવામાં આવેલા કોઇપણ કાર્યને પૂરક, આનુષંગિક અથવા પરિણામિક બીજાં કાર્યો બજાવવાની.

પ્રકરણ-૫

નાણા, હિસાબ અને ઓડિટ.

૧૭.

(૧) કોર્પોરેશનને પોતાનુ ફંડ રહેશે

(૨) કોર્પોરેશન, આ અધિનિયમના તમામ અથવા કોઇપણ હેતુ માટે, કેન્દ્ર કે રાજ્ય સરકાર અથવા સ્થાનિક સત્તાધિકારી કે કોઇપણ વ્યક્તિ પાસેથી અથવા કોઇપણ હેતુ માટે, કેન્દ્ર કે રાજ્ય સરકાર અથવા સસ્થાનીક સતાધિકારી કે કોઇપણ વ્યક્તિ પાસેથી અથવા સંસ્થાપિત હોય કે ન હોય તેવી કોઇ મંડળી પાસેથી ગ્રાન્ટ આથિક સહાય દાન અને બક્ષિસો સ્વીકારી શકશે

(૩) રાજ્ય સરકાર વખતો વખત કોર્પોરેશનને આપે તેવી તમામ રકમો અને કોર્પોરેશનની તમામ બીજી આવકો કોર્પોરેશનના ફંડમાં જમા કરવામાં આવશે અને કોર્પોરેશને ચૂકવવાની તમામ રકમો તેમાથી આપવામાં આવશે

(૪) કોર્પોરેશન, આ અધિનિયમ હેઠળના પોતાના કર્યો બજાવવા માટે પોતાને યોગ્ય લાગે તેટલી રકમ ખર્ચી શકશે અને આવી રકમોને કોર્પોરેશનના ફંડમાંથી ચૂકવવના ખર્ચ તરીકે ગણવામાં આવશે .

(૫) કોર્પોરેશનના ફંડમાના તમામ નાણા, રાજ્ય સરકાર, સમાન્ય અથવા ખાસ હુકમથી ફરમાવે તેવી બેંકમાં અનામત મૂકવા જોઇશે અથવા સરકારી જામીનગીરીઓમાં અથવા રાજ્ય સરકાર ફરમાવે તેવી બીજી રીતે રોકવા જોઇશે.

૧૮.

(૧) કોર્પોરેશનના હિસાબો અને સરવૈયું ઠરવવમાં આવે તે નમૂનામાં અને તે રીતે તૈયાર કરીને રાખવા જોઇશે .

(૨) બૉર્ડ દર વર્ષે માર્ચ મહિનાની એક્ત્રીસમી તારીખે સિલક મેળવી કોર્પોરેશનનાં ચોપડાં અને હિસાબ બંધ કરાવવાં જોઇશે.

૧૯.

(૧) કંપની અધિનિયમ ૧૯૫૬ ની કલમ ૨૨૬ ની પેટા કલમ (૧) હેઠળ ઓડિટરો તરીકે ઓડિટ કાર્ય કરવા, યોગ્ય રીતે લાયકાત ધરાવતા ઓડિટરોને બૉર્ડ નીમશે અને તેમણે દરેક નાણાંકીય વર્ષેમાં કોર્પોરેશનના હિસાબો એકવાર ઓડિટ કરવા જોઇશે અને તેમને બૉર્ડ નક્કી કરે તેટલું મહેંનતાણું કોર્પોરેશનમાંથી મળશે .

(૨) ઓડિટરોને , કોર્પોરેશનના વષિક સરવૈયાની અને નફા તોટના હિસાબની નકલ પુરી પાડવી જોઇશે અને વષિક સરવૈયા અને નફા તોટના હિસાબ, તે અંગેના હિસાબ અને વાઉચરો સાથે તપાસવાની ઓડિટરોની ફરજ રહેશે અને કોર્પોરેશનને પોતે રાખેલા તમામ ચોપડાની યાદી તેઓને આપવી જોઈશે. ઓડિટરો તરીકેની પોતાની ફરજો બજાવવા માટે તેઓને જરૂરી તેવી માહીતી કોર્પોરેશનના કોઈ ડિરેકટર અથવા અધિકારી પાસેથી તેઓ માંગી શકશે

(3) ઓડિટરોએ પોતે તપાસેલ વાર્ષિક સરવૈયા અને હિસાબોનો કોર્પોરેશનની રીપોટ કરવો જોઈશે અને સરવૈયુ તેમના અભિપ્રાય મુજબ કોર્પોરેશનના કામકાજની ખરી અને યથાર્થ પરિસ્થિતિ દર્શાવવા માટે તમામ જરૂરી વિગતોવાળુ અને યોગ્ય રીતે તૈયાર કરેલુ સંપુર્ણ અને રીતસરનું સરવૈયુ છે કે કેમ તે તેઓએ એવા દરેક રીપોર્ટમાં જણાવવુ જોઈશે.

(૪) પેટા કલમ (૧) માં ગમે તે મજકૂર હોય તે છતા, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ, રાજય સરકાર તરફથી આ માટે વિનંતી કરવામાં આવ્યે, તેઓ આ માટે અધિકૃત કરે તે વ્યક્તિ અથવા વ્યક્તિઓ મારફત કોર્પોરેશનના હિસાબોનું પુરક અથવા ટેસ્ટ ઓડિટ કરાવીને કોર્પોરેશનને પોતાના ઓડિટ રીપોર્ટ સાદર કરી શકશે અને એ રીતે અધિકૃત કરેલી વ્યક્તિ અથવા વ્યક્તિઓને આવા ઓડિટરના હેતુઓ માટે જરૂરી લાગે તે ચોપડા, હિસાબ અથવા બીજા દસ્તાવેજો અથવા માહિતી અથવા વધારાની માહિતી પુરી પાડવા કોર્પોરેશનનાં કોઈ ડિરેકટર અથવા અધિકારીને ફરમાંવવાની એવી વ્યક્તિ અથવા વ્યક્તિઓને આવા ઓડિટના હેતુઓ માટે સત્તા રહેશે આવા ઓડિટ સંબંધમાં કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલને થયેલુ ખર્ચ કોર્પોરેશને તેમને આપવાનું રહેશે.

(૫) કોર્પોરેશને રાજ્ય સરકારને ,

(૧) પેટ-કલમ(૧) હેઠળ નીમેલા ઓડિટરના રિપોર્ટની બાબતમાં, તેના સરવૈયા અને હિસાબની નકલ તથા તે રિપોર્ટની નકલ અને પ્રસ્તુત મુદત દરમિયાન કોર્પોરેશનના કામકાજ વિષેનો રિપોર્ટ જે તારીખે તેનો હિસાબ બંધ કરી સિલક મેળવવમાં આવ્યાં હોય તે તારીખથી ચાર મહિનાની મુદાતની અંદર, અને

(૨) પેટા – કલમ (૪) હેઠળ કરવામાં આવેલા પૂરક અથાવા ટેસ્ટ ઓડિટના રિપોર્ટની બાબતમાં તે રિપોર્ટની નકલ જે તારીખે એવો રિપોર્ટ કોર્પોરેશનને મળ્યો હોય તે તારીખથી ચાર મહિનાની મુદતની અંદર,સાદર કરવા જોઇશે .

(૬) પેટા-કલમ(૫) માં ઉલ્લેખેલા રિપોર્ટની નકલો રાજ્ય સરકારે, બનતી ત્વરાએ, રાજ્યના વિધાનમંડળ સમક્ષ મુકવી જોઈશે.

પ્રકરણ-૬

પ્રકીર્ણ

૨૦.

(૧) કોર્પોરેશને આપેલી પેશગીઓ અથવા બીજી નાણાકીય સગવડના સંબંધમા કોઇ વ્યક્તિ પાસે કોર્પોરેશનની કોઇ રકમ લેણી નીકળતી હોય, ત્યારે ઠરાવેલા નમૂના પ્રમાણેનુ પ્રમાણપત્ર કાર્યપાલ ડિરેક્ટરે આપ્યેથી , જેની પાસે એવી રકમ લેણી નીકળતી હોય તે વ્યક્તિ જે જિલ્લામાં રહેતી હોય અથવા ધંધો કરતી હોય અથવા કોઇ મિલકતની માલિકી ધરવતી હોય તે જિલ્લાના કલેકટર, સદરહું રકમ જમીન મહેસૂલની બાકી તરીકે વસુલ કરી શકશે .

(૨) પેટ- કલમ(૧) માં ઉલ્લેખેલું પ્રમાણપત્ર કાઢી આપતા પહેલા , કાર્યપાલક ડિરેક્ટરે, રાજ્ય સરકાર આ માટે સત્તા આપે તે અધિકારીને અરજી કરવી જોઇશે અને સંબંધિત વ્યક્તિને સુનાવણીની તક આપ્યા પછી, અને પોતાને યોગ્ય લાગે તેવી વધુ તપાસ કર્યા પછી તે અધિકારીએ હુકમ કઢીને કોર્પોરેશનની લેણી નીકળતી રકમ નક્કી કરવી જોઇશે અને તેની જાણ કાર્યપાલક ડિરેક્ટરને કરવી જોઇશે .

(3) રાજ્ય સરકારે પેટા–કલમ (૨) હેઠળ સત્તા આપેલા અધિકારીએ કરેલા હુકમ સામે અપીલ ઠરાવવમાં આવે તે મુદતની અંદર અને તે સત્તાધિકારીને થઈ શક્શે.

(૪) પેટા-કલમ (૨) હેઠળ સતા આપેલા અધિકારીએ અને અપીલી સતાધિકારીએ ઠરાવવમાં આવે તે કાર્યેરીતિ અનુસરવી જોઇશે

(૫) કાર્યપાલક ડિરેકટરે પેટા–કલમ(૧) હેઠળ કાઢી આપેલુ પ્રમાણપત્ર આખરી અને નિર્ણાયક ગણાશે અને કોઇ સતાધિકારી અથવા કોર્ટ સમક્ષ તેની સામે વાંધો ઉઠાવી શકશે નહી.

(૬) કોઇ લોનના સંબંધમાં કોર્પોરેશનની લેણી નીકળતી કોઇ રકમ વસુલ કરવાના હેતુ માટે , મુખ્ય વ્યક્તીના જમીન વિરૂધ્ધ કાર્યવાહી કરતા પહેલા મુખ્ય વ્યક્તિની વિરૂધ્ધ કાર્યવાહી કરવાની જરૂરી રહેશે નહી.

૨૧.

(૧) કંપનીઓ અથવા કોર્પોરેશનો આટોપી લેવા, તેમનું વિસર્જન કરવા અથવા તેમને ફડચામા લઈ જવા સંબંધી આ અધિનિયમ સિવાયના બીજા કયદાની કોઇપણ જોગવાઈ , કોર્પોરેશનને લાગુ પડશે નહિ.

(૨) કોર્પોરેશન પોતાની સત્તા બહાર જાય , તો અથવા કલમ ૧૯ હેઠળ રિપોર્ટ મળ્યેથી , રાજ્ય સરકાર શા માટે બોર્ડનું વિસર્જન ન કરવું જોઇએ તેનું કારણ દર્શાવવા બોર્ડ ફરમાવી શકાશે અને નિદિષ્ટ કરેલી મુદતની અંદર કોઇ ખુલસો આપવામાં ના આવે અથવા રાજ્ય સરકારને ખુલાસાથી સંતોષ ના થાય , તો નિદિષ્ટ કરવામાં આવે તે તારિખેથી રજય સરકાર બોર્ડનુ વિસર્જન કરિ શક્શે

૨૨

(૧) કલમ -૨૧ હેઠળ બોર્ડનું વિસરજૅન કરવામા આવે, ત્યારે-

(૧) તમામ ડિરેકટરોએ વિસર્જનની તારિખથી પોતાના હોદ્દા ખાલી કરવા જોઇશે .

(૨) વિસર્જનની મુદત દરમિયાન બોર્ડની તમામ સત્તા અને ફરજો રાજ્ય સરકાર આ માટે નીમે તે વ્યક્તિ અથવા વ્યક્તિઓ વાપરશે અને બજાવશે.

(૩) કોર્પોરેશનમાં નિહિત થયેલા તમામ ફંડ અને બીજી મિલ્કત , વિસર્જનની મુદત દરમિયાન , રાજ્ય સરકારમાં નિહિત થશે .

(૨) પોતાને યોગ્ય લાગે તેટલી મુદત પછી રાજ્ય સરકાર બોર્ડની પુન:રચના કરી શક્શે.

૨૩ આ અધિનિયમ અનુસાર પોતે શુધ્ધબુધ્ધિથી કરેલા અથવા કરવા ધારેલા કોઇ કાર્યેથી થયેલી અથવા થવાને સંભવ હોય તેવા કોઇ નુક્સાન અથવા હાનિ માટે કોર્પોરેશનને આ અધિનિયમ હેઠળના કાર્યો બજાવવા અધિકૃત કરેલા કોઇ અધિકારી અથવા અન્ય નોકર અથવા બીજી કોઇ વ્યક્તિ સામે દાવો અથવા અન્ય કાનૂની કાર્યવાહી થઈ શકશે નહી.

૨૪.

(૧) દરેક ડિરેકટર, પોતાની ફરજો બજવતા હોય, ત્યારે તેમણે જાણીબૂજીને કરેલા કૃત્ય અથવા કસુરથી થયેલી નુકસાન અને ખર્ચ સિવાયના તમામ નુક્સાન અને ખર્ચ માટે કોર્પોરેશનને તેમને ક્ષતિપુર્તિ કરી આપવી જોઇએ.

(૨) કોઇ ડિરેકટર, બીજા કોઇ ડિરેકટરના કાર્યો માટે અથવા કોર્પોરેશનના કોઇ અધિકારી અથવા બીજા નોકરોના કાર્યો માટે અથવા કોર્પોરેશન વતી શુધ્ધબુધ્ધિથી સંપાદિત કરેલી અથવા લીધેલી કોઇ મિલકત અથવા જામીનગીરીનુ મુલ્ય અપૂરતું હોવાને અથવા તેનો હક ખામીવાળો હોવાને પરિણામે અથવા કોઇ દેણદારની અથવા કોર્પોરેશનને જવાબદાર હોય તેવી વ્યક્તિની નાદારી અથવા ગેરકાયદે કૃત્યને લીધે કોર્પોરેશનને થતા કોઇ નુક્શાન અથવા ખર્ચ માટે અથવા પોતાના હોદ્દાની ફરજો બજાવવમાં અથવા તે સંબંધમાં શુધ્ધબુધ્ધિથી કરેલા કાર્ય માટે જવાબદાર રહેશે નહિ.

૨૫.

(૧) બોર્ડ આ અધિનિયનની જોગવાઇઓના અમલ કરવાના હેતુ માટે જેની જોગવાઇ કરવી આવશ્યક અથવા ઇષ્ટ હોય તે તમામ બાબતો માટે જોગવાઇ કરવા આ અધિનિયમ અને તે અન્વયે કરેલા નિયમોની જોગવાઇઓ સાથે અસંગત ન હોય તેવા વિનિયમો કરી શકશે

(૨) ખાસ કરીને તથા પૂર્વવતી સત્તાને બાધ આવ્યા વિના, આવા વિનિયમોથી નીચેની તમામ અથવા કોઇપણ બાબત માટે જોગવાઇ કરી શકશે:-

(ક) બોર્ડની બેઠોકોના સમય અને સ્થળ અને એવી બેઠકો સંબંધમાં અનુસરવાની કાર્યરીતિ, કાર્યસંચાલન માટે જરૂરી કોરમ સહિત,

(ખ) કાર્યપાલક ડિરેક્ટરે બજાવવાની ફરજો.

(ગ) કોર્પોરેશનના અધિકારીઓની અને અન્ય નોકરીઓની ફરજો, વર્તન, પગાર, ભથ્થા અને તેમની નોકરીની શરતો,

(ઘ) કોર્પોરેશનના અધિકારીઓ તથા અન્ય નોકરો ને સત્તા તથા કાર્યો સોંપવા બાબત,

(ચ) કોર્પોરેશના અધિકારીઓઅને અન્ય નોકરી માટે પ્રોવિડન્ટ અને અન્ય લાભદાયક ફંડો સ્થાપના અને જાળવવા બાબત.

(છ) કોર્પોરેશનના કામકાજના કાર્યક્ષમ સંચાલન માટે જરૂરી હોય અથવા બને તેવી કોઇ બીજી બાબત.

૨૬.

(૧) રાજ્ય સરકાર , રાજ્ય પત્રમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને, આ અધિનિયમના તમામ કે કોઇપણ હેતુ સિધ્ધ કરવા કોઇપણ બાબત માટે જોગવાઈ કરી શકાશે .

(૨) ખાસ કરીને અને પૂર્વવતી સત્તાની વ્યાપક્તાને બાધ આવ્યા વિના. આવા નિયમોથી નીચેની તમામ અથવા કોઇપણ બાબત માટે જોગવાઈ કરી શકશે.

(ક) ડિરેકટરોની નોકરીની શરતો અને તેમને આપવાના ફી અને ભાથ્થા.

(ખ) કલમ-૧૬ ની પેટા, કલમ(૨) માં નિર્દિષ્ટ કર્યા હોય તે ઉપરાંત કોર્પોરેશને બજવવાના કાર્યો અને એ કાર્યો બજવવાની શરતો અને નિયંત્રણો,

(ગ) હિસાબ રખવાનો અને સરવૈયુ તથા નફાતોટાનો હિસાબ તૈયાર કરવાનો નમૂનો અને રીત,

(ઘ) કાર્યપાલ ડિરેકટરે કાઢી આપવાનો પ્રમાણપત્રનો નમૂનો કેટલી મુદતની અંદર અને કયા સત્તાધિકારી સમક્ષ અપીલ ફાઈલ કરવી તે અને કલમ ૨૦ હેઠળ અપીલી સત્તાધિકારીએ અનુસરવાની કાર્યરીતિ

(ચ) ઠરાવવાનું આવશ્યક હોય અથવા ઠરાવવામાં આવે તેવી બીજી કોઇ બાબત .

(૩) આ કલમ હેઠળ કરેલા તમામ નિયમો , તે કરવામાં આવે તે પછી, બનતી ત્વરાએ, ઓછામાં ઓછી ત્રીસ દિવસની મુદત સુધી , રાજ્ય વિધાનમંડળ સમક્ષ મૂકવા જોઇશે અને જે બેઠકમાં તે નિયમો એવી રીતે મુક્વામાં આવે તેમાં અથવા ત્યાર પછીની તરતની બેઠકમાં રાજ્ય વિધાનમંડળ તેમાથી જે કંઈ રદ કરે અથવા તેમા જે કંઈ ફેરફાર કરે તેને અધીન રહેશે .

(૪) રાજ્ય વિધાનમંડળ એ રીતે જે કંઈ રદ કરે અથવા તેમા જે કંઈ ફેરફાર કરે તે , રાજ્યપત્રમાં પ્રસિધ્ધ કરવવમાં આવશે અને તેમ થયે તે અમલમાં આવશે .